**પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,**

**ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૨/૧, સેકટર-૧૦, ગુ.રા., ગાંધીનગર-૩૮૨૦૧૦,**

**ફોન નં. ૦૭૯-૨૩૨૫૩૯૭૩-૭૮, ઇ-મેલ:- dpegbranch@gmail.com**

---

**અગત્યનું**

ક્રમાંકઃ પ્રાશિનિ/ક-ગ્રાન્ટ/૨૦૨૩-૨૪/ ૮૮-૧૪૨૦

તા.૧૦/૦૧/૨૦૨૪

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ

- શાસનાધિકારીશ્રી,

નગર શિક્ષણ સમિતિ, તમામ

**વિષયઃ- ચાલુ નોકરી દરમિયાન અવસાન પામેલ પ્રાથમિક શિક્ષકોની બાકી મકાનલોનનું મુદ્દલ અને વ્યાજ માંડવાળ કરવા બાબતે.**

શ્રીમાન

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, જિલ્લા/નગર શિક્ષણ સમિતિ હસ્તકના ચાલુ નોકરી દરમિયાન અવસાન પામેલ પ્રાથમિક શિક્ષકોની બાકી મકાનલોનની મુદ્દલ અને વ્યાજ માંડવાળ કરવા માટે બજેટ સદર ૧૦-૨૨૩૫-૬૦-૨૦૦-૦૧ હેઠળ જોગવાઇ થાય છે. સબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તથા શાસનાધિકારી દ્વારા દરખાસ્ત રજૂ થયેથી બાકી મકાનલોન માંડવાળ કરવા માટે આ સદરે ગ્રાંટ ફાળવણી કરવામાં આવે છે.

ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં પર્યાપ્ત જોગવાઇ મંજૂર થયેલ છે. વધુમાં આવા કિસ્સામાં અવસાન પામનાર શિક્ષકની સમયસર મકાનલોન માંડવાળ ન થાય તો પેન્શનરી લાભો અટકી પડે છે, તેથી કર્મચારીના અવસાન બાદ તેઓના વારસદારોને મળતા પેન્શનરી લાભો સમયસર ચૂકવાઇ જાય તે હેતુ માટે <u>તા.૩૧/૧૨/૨૦૨૩</u> સુધીમાં અવસાન પામેલ કર્મચારીની મકાન પેશગીની બાકી મુદ્દલ તથા વ્યાજની રકમ માંડવાળ કરવા માટે આ સાથે સામેલ નિયત નમૂના મુજબનો લોન માંડવાળ કરવા અંગેનો હુકમ કરી સબંધિતોના અવસાન અંગેનું પ્રમાણપત્ર સાથે નિયત નમૂનામાં <u>તા.૩૧/૦૧/૨૦૨૪</u> સુધીમાં દરખાસ્ત રજૂ કરવા જણાવવામાં આવે છે. તથા તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં અવસાન પામેલ કોઇ કર્મચારીની મકાનલોન માંડવાળ કરવાની દરખાસ્ત રજૂ કરવાની બાકી રહેતી નથી તે મતલબનું પ્રમાણપત્ર રજૂ કરવા જણાવવામાં આવે છે.

(ડૉ.એસ.પી.ચૌધરી)

પ્રાથમિક શિક્ષણ નિયામક

ગુ.રા. ગાધીનગર

બિડાણઃ ઉપર મુજબ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી................. ફોન નંબર :- .................

જા.નં/જિ.પં./શિક્ષણ/વહટ/વશી/૪૧૮ Email Id: dpeodahod@gmail.com તા..............

પરિશિષ્ટ-૧

વિષય :- ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામેલ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ના શિક્ષકોની મકાન બાંધકામ પેશગી બાકી વસુલાત માંડવાળ કરવા બાબત.

વંચાણેલીધા :-

1. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામવિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : પરચ /૧૦૯૮/૧૬૦૦/ક તા.૧૯/૦૨/૨૦૦૦
2. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક પી. આર.ઈ-૧૧૯૯-૧૪૯૫-ક તા.૨/૬/૨૦૦૦
3. નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : નનમ / ૧૦-૨૦૦૩/૧૧૦૭-ઝ.તા. ૩/૨/૨૦૦૪
4. અત્રેની કચેરીના આદેશ ક્રમાંકઃ........................................ તા. .............(લોન મંજૂરી હુકમ)
5. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી.........ના પત્રાંક : .............. તા.........

કચેરી આદેશ :-

ઉપરોકત વંચાણે લીધેલ ઠરાવ નં.૧ થી ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામેલ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શિક્ષકોને મકાન બાંધકામ પેશગીની બાકી વસુલાત માંડવાળ કરવાની કાર્યપધ્ધતિ નકકી કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ-૪ના આદેશથી શ્રી ........................, .............. પ્રા.શાળા તા............ જિ...........ને મકાન બાંધકામ પેશગી રૂા. ................/- મંજુર કરી ....... હપ્તામાં કુલ રૂા. ..................../- અંકે રૂપિયા ...................... ચુકવવામાં આવેલ છે. જેનો પેશગી ખાતા નં.................છે. સદરહુ કર્મચારીનું તા................ ના રોજ અવસાન થવા પામેલ છે. આ અંગે સ્વ. શ્રી.............ની મકાન પેશગીની રકમ માંડવાળ કરવા ની દરખાસ્ત અત્રે વંચાણે લીધેલ-૫ થી આવેલ છે.

વંચાણે લીધેલ-૧ અન્વયે સ્વ. શ્રી ......................., ............. પ્રા.શાળા તા............ જિ.............ની અવસાનની તારીખે તેઓના મકાન પેશગીના મુદ્દલ પેટે રૂા................... તથા વ્યાજ/દંડનીય વ્યાજ રૂા. ...................... /- મળી કુલ રૂા. ...................../- અંકે ........................... પુરા ની વસુલાત બાકી રહેલ છે. જેથી અવસાન બાદની માંડવાળની મુદદલ પેટે રૂા. ................તથા વ્યાજ/દંડનીય વ્યાજ રૂા. ................./- મળી કુલ રૂા. ................ અંકે રૂપિયા ................ ................ પુરાની રકમ માંડવાળ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ નીચેના સદરે સને ૨૦૨૩-૨૪ના વર્ષની ગ્રાન્ટ સામે ઉધારવાનો રહેશે.

માંગણી નં.૧૦

મુખ્ય સદર - ૨૨૩૫ સામાજીક સુરક્ષા અને કલ્યાણ

પેટા મુખ્ય સદર :- ૬૦ અન્ય સામાજિક સુરક્ષા અને કલ્યાણ કાર્યક્રમો,

ગૌણ સદર - ૨૦૦ અન્ય કાર્યક્રમો.

પેટા સદર -૦૧ નોકરી દરમ્યાન મૃત્યુ પામેલ પંચાયત સેવાના/નગર સેવાના પ્રાથમિક શિક્ષકોની મકાન બાંધકામ શિક્ષકોની મકાન બાંધકામ પેશગીની મુદ્દલ વ્યાજનું બાકી નીકળતી રકમ માંડવાળ કરવી.

હિસાબી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત ................. એ આ અંગે નિયત નમુનામાં બીલ બનાવી રોકડમાં ચુકવવા પાત્ર નથી તેવા ચેક (ટી.સી.ચેક) થી માંડવાળ કરવાની રકમો પૈકી મુદલની રકમ " ૭૬૧૫ - પરચુરણ પેશગી " અને વ્યાજની રકમ-૦૦૪૯ વ્યાજની પ્રાપ્તી " સદરે ચલણથી જમા કરાવવાની રહેશે અને આ મુજબ અવસાન પામેલ સ્વ. શ્રી ........................, ............. પ્રા.શાળા તા............ જિ..............ના મકાન પેશગી ખાતા નં. .............માં આ રકમ જમા થયેથી બંધ કરવાનો આદેશ કરવામાં આવે છે.

આ અંગેની નોંધ સબંધિત કર્મચારીની સેવાપોથીમાં તથા મકાન પેશગીના લોન રજીસ્ટરમાં કરવાની રહેશે.

(.............................)

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી

જિલ્લા શિક્ષણ સમિતિ, .............

પ્રતિ

શ્રી (અવસાન પામેલ કર્મચારીના વારસદાર) તરફ

નકલ રવાના:-(જાણ તથા અમલ અર્થે)

1. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ....................

નકલ સવિનય રવાના:-

- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુ.રા. ગાંધીનગર તરફ જાણ સારૂ

| ચાલુ નોકરી દરમિયાન અવસાન પામેલ પ્રાથમિક શિક્ષકની મકાન બાંધકામ પેશગીની બાકી વસુલાત માંડવાળ કરવા બાબતનું પત્રક | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | નામ | શાળાનું નામ | તાલુકો | અવસાન તારીખ | મુદ્દલ | | | વ્યાજની | | | | |
| | | | | | ચુકવાયેલ પેશગી | તે પૈકી થયેલ વસુલાત | માંડવાળપાત્ર બાકી રકમ | વ્યાજની રકમ | તે પૈકી થયેલ વસુલાત | માંડવાળપાત્ર બાકી રકમ | મુદ્દલ તથા વ્યાજ સહીત કુલ માંડવાળપાત્ર રકમ | રીમાર્કસ |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 14 |
| | | | | | | | | | | | | |

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા શિક્ષણ સમિતિ, .............